મધ્ય ગુજરાત

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

૬ દાહોદ કાર્યાલય : સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785 ગોધરા કાર્યાલય : પ્રેમપ્રકાશ ટાવર, બીજો માળ, અંકલેશ્વર મહાદેવ રોડ, ગોધરા. ફોન નં. 7096679080 રવિવાર ૮ નવેમ્બર, ૨૦૨૬

વિઝા પૂરો થયાનું કહી એજન્ટના નામે નાણાં પડાવ્યાં: બે અલગ-અલગ યુપીઆઈ આઈડીમાં ટ્રાન્સફર કરાવ્યા

વેજલપુરમાં મિત્રના નામે ફેક ફેસબુક આઈડી બનાવી દુબઈમાં ફસાયો હોવાનું કહી ૩.૧ લાખની ઠગાઈ

અસલી મિત્રનો સંપર્ક કરતાં ઠગાઈનો ભાંડો ફૂટ્યો, વેજલપુર પોલીસે તપાસ હાથ ધરી

(પ્રતિનિધી) કાલોલ, તા.7

સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી ઓનલાઈન છેતરપિંડી આચરવાના બનાવોમાં વધારો થઈ રહ્યો છે ત્યારે વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિત્રના નામે ફેક ફેસબુક આઈડી બનાવી એક વ્યક્તિ સાથે રૂ.1 લાખની છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો છે. મિત્ર દુબઈમાં ફસાઈ ગયો હોવાનું જણાવી વિઝા અને એજન્ટના ખર્ચના બહાને ઠગબાજોએ નાણાં પડાવી લીધાં હતાં. આ મામલે વેજલપુર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

વેજલપુરના બહાર ફળિયામાં રહેતા અને ડ્રાઈવિંગ કામ કરી ગુજરાન ચલાવતા સિરાજભાઈ સિકંદરભાઈ મન્સુરી તા.1 નવેમ્બર, 2026ના રોજ બપોરના સમયે વેજલપુર બજારમાં હતા. દરમિયાન તેમના ફેસબુક મેસેન્જર પર 'તારિક શેખ' નામની ફેક આઈડી પરથી મેસેજ આવ્યો હતો. સિરાજભાઈ વર્ષ 2008થી 2010 દરમિયાન સાઉદી અરેબિયામાં ડ્રાઈવિંગ કરતા હતા ત્યારે તારિક શેખ નામના વ્યક્તિને ઓળખતા હોવાથી મેસેજ કરનારની વાતમાં



આવી ગયા હતા. ઠગબાજે જૂની ઓળખાણનો લાભ લઈ વિશ્વાસ સંપાદિત કર્યો હતો.

ઠગબાજે તારિક શેખ દુબઈમાં ફસાઈ ગયા છે અને તેમના વિઝાની મુદત પૂરી થઈ ગઈ હોવાથી ભારત પરત આવવા એજન્ટની મદદ લેવી પડશે તેમ જણાવ્યું હતું. આ માટે 'હાજી અબુ બક્કર' નામના એજન્ટનો મોબાઈલ નંબર આપી તેની સાથે વાત કરવાનું કહ્યું હતું. ત્યારબાદ આરોપીઓએ અમિત રાજપૂત અને આયેશા સિદ્દીકા બી.બી. નામની અલગ-અલગ યુપીઆઈ આઈડીના સ્કેનર મોકલી સિરાજભાઈ પાસેથી કુલ રૂ.1 લાખ ટ્રાન્સફર કરાવી લીધા હતા.

બીજા દિવસે સિરાજભાઈએ અસલી મિત્ર તારિક શેખનો સંપર્ક કરતાં તેઓ દુબઈમાં સુરક્ષિત હોવાનું જાણવા મળ્યું હતું. આથી પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતાં તેમણે નેશનલ સાઈબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર 1930 પર ફરિયાદ નોંધાવી હતી. વેજલપુર પોલીસે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ 316(2), 319(2), 54 તથા આઈ.ટી. એક્ટની કલમ 66(સી), 66(ડી) અને 66(ઈ) હેઠળ ગુનો નોંધી પોલીસ ઈન્સ્પેક્ટર એ.ઓ. ભરવાડે વધુ તપાસ હાથ ધરી છે.

૧૧ વર્ષ જૂના મારપીટ અને ગેરકાયદે અટકાયતના કેસમાં કોર્ટની કાર્યવાહી

ડભોઈના તત્કાલીન PI એસ.કે. વાળા સહિતના પોલીસકર્મીઓ સામે સમન્સનો હુકમ

હમાની માગણીનો વિરોધ કરતાં ડ્રાઈવરને પોલીસ સ્ટેશન લઈ જઈ માર માર્યાનો આક્ષેપ

(પ્રતિનિધી) ડભોઈ, તા.7

પોલીસ સ્ટેશનમાં ડ્રાઈવર સાથે મારપીટ, ગેરકાયદે અટકાયત અને ધમકી આપવાના 11 વર્ષ જૂના કેસમાં ડભોઈના તત્કાલીન પોલીસ ઈન્સ્પેક્ટર એસ.કે. વાળા સહિતના આરોપીઓ સામે કોર્ટે સમન્સ જારી કરવાનો હુકમ કર્યો છે. ડભોઈના અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ડો. ગંગા દત્ત શર્માની અદાલતે ફરિયાદપક્ષે રજૂ કરેલા પુરાવાઓને પ્રથમદર્શનીય રીતે ધ્યાનમાં લઈ આ આદેશ આપ્યો છે.

ફરિયાદ મુજબ, ચાણોદના ડ્રાઈવર મહેન્દ્રભાઈ જયંતીભાઈ માછી તા.27 જુલાઈ 2015ના રોજ વડોદરાથી ચાણોદ જઈ રહ્યા હતા ત્યારે ડભોઈ-શિનોર ચોકડી પાસે હોમગાર્ડે રૂ.200ના હપ્તાની માગણી કરી હતી. વધુ રકમ આપવાનો ઈનકાર કરતાં પોલીસ બોલાવવામાં આવી હતી અને તેમને ગાડી સહિત ડભોઈ પોલીસ સ્ટેશન લઈ જવાયા હતા. જ્યાં ગાળો બોલી તમાચા મારવા, લાકડીથી માર મારવા અને ગેરકાયદે લોકઅપમાં રાખવાના આક્ષેપો કરવામાં આવ્યા હતા.

ફરિયાદીએ બીજા દિવસે મુક્ત થયા બાદ ખાનગી હોસ્પિટલ અને ડભોઈ રેફરલ હોસ્પિટલમાં સારવાર લીધી હતી. ડભોઈ CHCના તબીબી અધિકારીની જુબાની અને MLC નંબર 218ના રેકર્ડમાં પોલીસની લાકડીથી માર માર્યાનો ઉલ્લેખ તથા જાંઘ અને પગ પર ઈજાઓ નોંધાયેલી હતી.

ફરિયાદપક્ષની રજૂઆત અને પુરાવાઓના આધારે તા.30 ઓક્ટોબર 2026ના હુકમથી IPCની કલમ 341, 323, 504, 506 અને 114 હેઠળ આરોપીઓ સામે સમન્સ કાઢવામાં આવ્યા છે. આરોપીઓએ 1 ડિસેમ્બર 2026ના રોજ કોર્ટમાં હાજર રહી રૂ.10 હજારના જામીન અને તેટલી જ રકમના જામીનખત રજૂ કરવાના રહેશે. જોકે, આ સમન્સનો હુકમ છે, આરોપીઓ સામેનો અંતિમ દોષિત ચુકાદો નથી.

બંને પક્ષે ૧૫-૧૫ સામે ફરિયાદ નોંધાવી

કાલોલના બોરૂ ગામે રસ્તા પર ખાટલા મૂકવા મુદ્દે બે જૂથ વચ્ચે અથડામણ

લોખંડની પાઇપ અને લાકડીઓથી મારામારીમાં અનેકને ઇજા

(પ્રતિનિધી) કાલોલ, તા.7

કાલોલ તાલુકાના બોરૂ ગામે રસ્તા પર ખાટલા મૂકવા અને જમીન બાબતે થયેલી તકરારે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં બે જૂથ વચ્ચે મારામારી થઈ હતી. ગત તા.4 નવેમ્બરના રોજ રાત્રે બનેલી આ ઘટનામાં બંને પક્ષે સામસામી ફરિયાદ નોંધાવતાં કુલ 30 વ્યક્તિઓ સામે ગુનો નોંધાયો છે.

પ્રથમ ફરિયાદી મહેમુદખા મહમદખા બેલીમના જણાવ્યા મુજબ, તેઓ પોતાના જૂના ઘરે જતા હતા ત્યારે રસ્તા વચ્ચે ખાટલો મૂકીને બેઠેલા લોકોને ખાટલો ખસેડવાનું કહેતાં બોલાચાલી થઈ હતી. ત્યારબાદ ઈકબાલભાઈ અને સરફરાજે લોખંડની પાઇપ વડે તેમના હાથ અને માથાના ભાગે માર માર્યો હતો. વચ્ચે પડેલા મહેબુબભાઈ અને મોસીનભાઈને પણ લાકડી અને પાઇપથી ઈજાઓ પહોંચાડવામાં આવી હતી.

સામા પક્ષે અલીઉસ્માન ઉર્ફે સરફરાજ ઇસુબખાન બેલીમે ફરિયાદમાં જણાવ્યું હતું કે, બસ સ્ટેન્ડ પાસે તેમની પત્ની સાઈનબીબી અને દીકરી રહેનુમા સાથે બોલાચાલી બાદ મારામારી થઈ હતી. જેમાં દીકરી રહેનુમાને લોખંડની પાઇપથી માથામાં ઈજા પહોંચાડવામાં આવી હતી તેમજ જાનથી મારી નાખવાની ધમકી અપાઈ હતી.

બંને પક્ષના ઈજાગ્રસ્તોને સારવાર માટે કાલોલ અને ગોધરા

માપણી બાદ પણ દબાણ દૂર કરવામાં પાલિકાની ઢીલી નીતિ

કાલોલના ડેરોલ સ્ટેશન રોડ પર સરકારી નાળિયા અને રસ્તા પર દબાણના આક્ષેપો

કલેક્ટર અને મામલતદારે પાલિકાને ત્રણ દિવસમાં અહેવાલ આપવા તાકીદ કરી

(પ્રતિનિધી) કલોલ, તા.7

કાલોલના ડેરોલ સ્ટેશન રોડ પર જૂના રેવન્યુ સર્વે નંબર 121/1ની જમીન અને સરકારી નાળિયા તથા રસ્તા પર ગેરકાયદે દબાણ થયાની ફરિયાદથી મામલો ગરમાયો છે. મોહનભાઈ ખાતુભાઈ વણકર દ્વારા અહીં 'ચામુંડા કોમ્પ્લેક્સ' બનાવવામાં આવ્યું હોવા સાથે મંજૂર પરવાનગીની મર્યાદા બહાર આશરે 15 ફૂટ જેટલું પાકું બાંધકામ કરી સરકારી નાળિયા પર દબાણ કર્યાના આક્ષેપો થયા છે. ઉપરાંત તારની ફેન્સિંગ અને શેડ બનાવી અવરજવરનો રસ્તો બંધ કરાયાની



રજૂઆત કરવામાં આવી છે.

આ અંગે કિરીટકુમાર જયંતીલાલ પટેલ, મહેશભાઈ ચંદુભાઈ પટેલ અને અંકુરભાઈ ડાહ્યાભાઈ પટેલ દ્વારા વારંવાર લેખિત રજૂઆતો કરવામાં આવી છે. પાલિકામાં માપણી ફી ભરાયા બાદ ગોધરાની ડી.આઈ.એલ.આર. કચેરી દ્વારા આશરે બે મહિના અગાઉ સ્થળ માપણી પૂર્ણ કરાઈ હતી. તેમ છતાં દબાણ દૂર નહીં થતાં અરજદારોએ કલેક્ટરને રજૂઆત કરી હતી.

મામલાની ગંભીરતા ધ્યાનમાં લઈ પંચમહાલ કલેક્ટર કચેરી અને કાલોલ મામલતદારે નગરપાલિકાને સ્થળ તપાસ કરી નિયમ મુજબ દબાણ દૂર કરવા તથા ત્રણ દિવસમાં અહેવાલ મોકલવા તાકીદ કરી છે. બીજી તરફ પાલિકા પ્રમુખ હસમુખભાઈ મકવાણાએ કલેક્ટર કચેરીનો પત્ર ધ્યાને આવ્યો ન હોવાનું જણાવ્યું હતું. ચીફ ઓફિસર સંજય પટેલનો સંપર્ક થઈ શક્યો નહોતો. હવે પાલિકા દબાણ દૂર કરવા શું કાર્યવાહી કરે છે તેના પર સ્થાનિકોની નજર છે.

જનજાતીય ગૌરવ દિવસ નિમિત્તે દાહોદમાં વન અધિકારપત્રોનું વિતરણ કરાશે

(પ્રતિનિધી) દાહોદ, તા.7

ધરતી આબા ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ નિમિત્તે 15 નવેમ્બરે ઉજવાનારા જનજાતીય ગૌરવ દિવસ અંતર્ગત દાહોદ જિલ્લામાં આદિવાસી પરિવારોને વન અધિકારપત્રોનું વિતરણ કરવામાં આવશે. જિલ્લામાં વન અધિકાર અધિનિયમ-2006 હેઠળ 3,648 વ્યક્તિગત વન અધિકારના દાવા મંજૂર કરી 2,842.52 હેક્ટર જમીનને માન્યતા આપવામાં આવી છે. આ પ્રસંગે લાભાર્થીઓને અધિકારપત્રો સાથે રેકોર્ડ ઓફ રાઈટ્સ (RoR) પ્રમાણપત્રો પણ અપાશે. મુખ્યમંત્રી વન અધિકાર ખેડૂત ઉત્કર્ષ યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં 82 હજાર લાભાર્થીઓને રૂ.176.54 કરોડની સહાય મંજૂર કરાઈ છે. આ પહેલથી વનવાસી પરિવારોના આર્થિક સશક્તિકરણને વેગ મળશે.

દરગાહના દર્શન સાથે કોમી એકતાનો સંદેશ અપાયો

ડભોઈના કાળભૈરવદાદા મંદિરે કાળીચૌદશનો પરંપરાગત મેળો ભરાયો

કાળીચૌદશની સાંજે કાળભૈરવદાદાના દર્શન માટે શ્રદ્ધાળુઓ ઉમટ્યા



(પ્રતિનિધી) ડભોઈ, તા.7

ડભોઈ નગરના વિભાગ હાઈસ્કુલ માર્ગ પર આવેલ મંગલેશ્વર મહાદેવ ના મંદિર પાસે આવેલા કાળભૈરવદાદા ના મંદિરે વર્ષોની પરંપરા મુજબ કાળી ચૌદસનો મેળો સાંજના છ વાગે ભરાયો હતો.જેમા ડભોઈ નગરના ઉત્સવપ્રિય લોકો મોટી સંખ્યામા ઉમટી પડ્યા હતા.કાળી ચૌદસની રાત્રે કાળભૈરવદાદા ના દર્શન કરી લોકો ધન્ય થયા હતા.તે સાથે નજીકમા આવેલ ગૈબનશા પીરની દરગાહ ના દર્શન નો પણ મેળા મા આવતા લોકોએ લાભ લઈ વર્ષોની હિંદુ મુસ્લિમ એકતાની પરંપરા અને શ્રધ્ધાને જાળવી રાખી હતી.

ડભોઈ નગર મા આવેલા મંગલેશ્વર મહાદેવના મંદિર નજીક વર્ષો જુના કાળ ભૈરવદાદા ના મંદિરે વર્ષોની પરંપરા સમો કાળીચૌદસનો પરંપરાગત મેળો ભરાયો હતો.કાળીચૌદસની સાંજના છ વાગ્યાથી ભરાતા મેળામા લોકો કાળભૈરવદાદા ના દર્શન કરવા ઉમટી પડ્યા હતા. તે સાથે મેળામા બાળકો ના મનોરંજન માટે ચકડોળ, રમકડા ના પથારા અને ખાનીપીણી ની લારીઓ પણ લાગેલ હોય લોકોએ તેની પણ મજા માણી મેળાનો ભરપુર આનંદ લીધો હતો.તેમજ મંદિરો સહીત દરગાહ ના દર્શન કરી પોતાની જાતને ધન્ય બનાવી ડભોઈની શાન સમા મેળાની પરંપરા જાળવી હતી.

નોકરિયાત વર્ગની સગવડ માટે ટૂંક સમયમાં સાંજ અને રાત્રિ બજાર શરૂ થશે

ગોધરામાં અત્યાધુનિક સુવિધાઓ સાથે 'સિંદુરી માતા ખેડૂત-ગ્રાહક બજાર' ધમધમતું થયું

ટૂંક સમયમાં સાંજ અને રાત્રિ બજાર પણ શરૂ થશે

(પ્રતિનિધી) ગોધરા, તા.૭

ખેડૂતોને તેમના પાકના પોષણક્ષમ ભાવ મળે અને નગરજનોને ખેતરેથી સીધાં તાજાં ફળો તથા શાકભાજી વાજબી ભાવે મળી રહે તે હેતુથી ગોધરાના શહેરા ભાગોળ, એલસી-4 અંડરબ્રિજ પાસે નવનિર્મિત 'સિંદુરી માતા ખેડૂત-ગ્રાહક ફળ અને શાકભાજી બજાર' સંપૂર્ણ સુવિધાઓ સાથે કાર્યરત થયું છે.

બજારમાં વહેલી સવારે પાંચ વાગ્યાથી ખેડૂતો પોતાની ખેતપેદાશો વેચાણ માટે લાવે



છે. વચેટિયાઓ વિના સીધા વેચાણની વ્યવસ્થાથી ખેડૂતોને યોગ્ય ભાવ અને ગ્રાહકોને કિફાયતી ભાવે તાજાં ફળ-શાકભાજી મળી રહ્યાં છે.

બજાર પરિસરમાં સુરક્ષા માટે સીસીટીવી કેમેરા, વાહનો માટે વિશાળ પાર્કિંગ, પીવાના શુદ્ધ પાણી અને સ્વચ્છતાની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. ખેડૂતો, વેપારીઓ અને ગ્રાહકોની સુવિધાનું પણ ધ્યાન રખાયું છે.

નોકરીયાત વર્ગ અને વ્યસ્ત પરિવારોની સુવિધા માટે ટૂંક સમયમાં સાંજ તથા રાત્રિ બજાર શરૂ કરવાનું આયોજન છે. ગોધરા એપીએમસીના ચેરમેન માલવદીપસિંહ રાઉલજી અને કમિટીના સભ્યોએ નાગરિકોને બજારનો લાભ લેવા તથા સ્થાનિક ખેડૂતોને પ્રોત્સાહન આપવા અપીલ કરી છે.

સંખેડામાં ધનતેરસે સોના-ચાંદીની ખરીદી માટે ગ્રાહકોની ભીડ

(પ્રતિનિધી) દાહોદ, તા.7

સંખેડા નગરમાં ધનતેરસના પવિત્ર પર્વે સોના-ચાંદીની ખરીદી માટે જ્વેલર્સની દુકાનોમાં ગ્રાહકોની ભારે ભીડ જોવા મળી હતી. ધનતેરસે લક્ષ્મીજીના પૂજન સાથે સોના-ચાંદીના દાગીના, સિક્કા અને વાસણોની ખરીદીનું વિશેષ મહત્ત્વ હોવાથી વહેલી સવારથી જ ગ્રાહકો ખરીદી માટે ઉમટી પડ્યા હતા. સંખેડાના આશ્રય જ્વેલર્સ ખાતે પણ દિવસભર ગ્રાહકોની અવરજવર જોવા મળી હતી. જ્વેલર્સ દ્વારા ગ્રાહકો માટે વિવિધ ડિસ્કાઉન્ટ અને આકર્ષક ઓફરો રાખવામાં આવી હતી, જેનો લોકોએ લાભ લીધો હતો. ધનતેરસના શુભ મુહૂર્તે ખરીદી કરવાથી સુખ-સમૃદ્ધિ વધે તેવી લોકમાન્યતા સાથે નગરમાં ખરીદીનો માહોલ જામ્યો હતો.

ગોધરાના SMVS સ્વામિનારાયણ મંદિરે દિવ્ય અન્નકૂટ દર્શન યોજાયાં

(પ્રતિનિધી) ગોધરા, તા.7

ગોધરા શહેરના દાહોદ રોડ, વાવડી ખાતે આવેલા SMVS શ્રી સ્વામિનારાયણ મંદિરે શુક્રવારે દિવ્ય અન્નકૂટ દર્શન અને દિવ્ય સભાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ ભક્તિભાવ અને શ્રદ્ધાભેર સંપન્ન થયો હતો.

શ્રીજી મહારાજને રાજી કરવાના પવિત્ર ભાવ સાથે સંતો અને હરિભક્તો દ્વારા વિવિધ પ્રકારની મીઠાઈઓ, ફરસાણ, ફળો, માવાની મીઠાઈઓ અને અવનવી વાનગીઓ તૈયાર કરી ભગવાન સમક્ષ અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. આકર્ષક સજાવટ સાથેના અન્નકૂટે મંદિર પરિસરમાં ભક્તિમય માહોલ સર્જ્યો હતો.

આ પ્રસંગે ગોધરા ઝોનના



પ્રભારી સંત પૂજ્ય પૂર્ણસ્વામીએ ઉપસ્થિત હરિભક્તોને દિવ્ય કથા-વાર્તા અને આધ્યાત્મિક માર્ગદર્શનનો લાભ આપ્યો હતો.

અન્નકૂટ ઉત્સવમાં ગોધરા શહેર સહિત આસપાસનાં ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં પુરુષ અને મહિલા હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. કથા-વાર્તા બાદ સૌએ ભગવાનનાં દિવ્ય અન્નકૂટ દર્શન કરી મહાપ્રસાદનો લાભ લીધો હતો. આમ, ઉત્સવ ભક્તિ અને આનંદના માહોલમાં સંપન્ન થયો હતો.

જાહેર નોટીસ અરજદાર ના વકિલ શ્રી એસ.એ.વણકર

કવાંટના મે. પ્રિન્સીપાલ સીવીલ જજ અને જુડી મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં મુ.કવાંટ જી. છોટાઉદેપુર

ડિ.પ. અરજી.નં. 199/2026 મુ.તા. 07/12/2026

અરજદાર : રાઠવા જેન્તીભાઈ મગનભાઈ મૂળ રહે મુ. જુની નિશાળ ફળીયા મુ. નાની ટીટોડ, તા. કવાંટ, જી. છોટાઉદેપુર.

સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી ગુગલીયા જુથ ગ્રામ પંચાયત, તા. કવાંટ, જી. છોટાઉદેપુર.

જન્મ/મરણ ની નોંધણી અધિનિયમની કલમ ૧૩(૩) મુજબ મરણ ની નોંધણી કરાવવા બાબત.

આથી જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદારના પિતા નામે રાઠવા મગનભાઈ મોતીભાઈ નો મરણ તારીખ 01/01/1970 ના રોજ થયેલ છે જેઓનો મરણ મોજે નાની ટીટોડ પો. ડુંગરગામ તા. કવાંટ, જી. છોટાઉદેપુર ખાતે થયેલ, જેની નોંધણી જે તે સમયે શરતચુકથી તથા કાયદાની અજ્ઞાનતાના કારણે કરાવવાનો રહી ગયેલ છે. તેની નોંધણી કરાવવા અર્થેની કોર્ટમાં અરજી કરેલ છે તો સદર ડુંગરગામ ની નોંધણી કરવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમ વાંધો કે તકરાર હોયતો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસીધ્ધ થયેથી તા. 07/12/2026 ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહીં આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તા. 07/11/2026 ના રોજ મારી સહી તથા સીક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર (પી.આર રાઠવા) આસીસ્ટન્ટ

મુકાબલ કરનાર હુકમથી, (એચ.સી.રાઠવા) રજીસ્ટ્રાર કમ નાઝરશ્રી,

જાહેર નોટીસ અરજદાર ના વકિલ શ્રી એસ.એ.વણકર

કવાંટના મે. પ્રિન્સીપાલ સીવીલ જજ અને જુડી મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં મુ.કવાંટ જી. છોટાઉદેપુર

ડિ.પ. અરજી.નં. 198/2026 મુ.તા. 07/12/2026

અરજદાર : રાઠવા નરેશભાઈ સુનજીભાઈ મૂળ રહે કોઠારી ફળિયા મુ. ગોડધા, તા. કવાંટ, જી. છોટાઉદેપુર.

સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી ગુગલીયા જુથ ગ્રામ પંચાયત, તા. કવાંટ, જી. છોટાઉદેપુર.

જન્મ/મરણ ની નોંધણી અધિનિયમની કલમ ૧૩(૩) મુજબ મરણ ની નોંધણી કરાવવા બાબત.

આથી જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદારના દાદી નામે રાઠવા પેદલીબેન જડુભાઈ નો મરણ તારીખ 01/01/1987 ના રોજ થયેલ છે જેઓનો મરણ મોજે ગોડધા તા. કવાંટ, જી. છોટાઉદેપુર ખાતે થયેલ, જેની નોંધણી જે તે સમયે શરતચુકથી તથા કાયદાની અજ્ઞાનતાના કારણે કરાવવાનો રહી ગયેલ છે. તેની નોંધણી કરાવવા અર્થેની કોર્ટમાં અરજી કરેલ છે તો સદર ગુગલીયા ની નોંધણી કરવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમને વાંધો કે તકરાર હોયતો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસીધ્ધ થયેથી તા. 07/12/2026 ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહીં આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તા. 07/11/2026 ના રોજ મારી સહી તથા સીક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર (પી.આર રાઠવા) આસીસ્ટન્ટ

મુકાબલ કરનાર હુકમથી, (એચ.સી.રાઠવા) રજીસ્ટ્રાર કમ નાઝરશ્રી,

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ

ટચુકડી

મંગળવાર, શુક્રવાર, રવિવાર

હવે શબ્દ દીઠ ₹ 6 +(GST)

ઓછામાં ઓછા ૧૨ શબ્દો

: જાહેરખબર આપવા માટે મળો :

ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

મિલ્કત વેચવાની છે

2.15 વિંઘા ઈન્ડસ્ટ્રીયલ
Zone જમીન વેચવાની છે. ગામ: ટેના રાંગ. Mo. 9687580001 (11417)

વેચવાની છે
જમીન સોલાર લાયક (93 વિઘા) ગામ: કાળા વ્યારા, કણજા 9687580001 (11419)

સ્વાતી સોસાયટી
(ચીકુવાડી) વરાછા પ્લોટ વેચવાનો છે. 270 થી 300 વાર. 9687580001 (11416)

કોમર્શિયલ ઓફિસ
વેચવાની છે પીરામિડ આઈકન, ઉગટ રોડ, પાલનપુર જકાતનાકા,સુરત ખાતે રેડી-ટુ-મૂવ ઓફિસો વેચવાની છે. ઓફિસ નં. 402: 1770 ચો.ફૂટ ઓફિસ નં. 403: 2436 ચો.ફૂટ સુવિધાઓ: ડેડિકેટેડ પાર્કિંગ, એલિવેટર, UPS બેકઅપ, AC અને પ્રાઈવેટ વોશરૂમ. પ્રાઈમ લોકેશન, મેટ્રો લાઈન નજીક. સંપર્ક: 9726009242 (11502)

NA Plan Pass
12 વિંઘા જમીન વેચવાની છે. ગામ: પંડવાઈ (કોસંબા) 9687580001 (11418)

વ્યવસાયીક ધંધાકીય

CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017 (3568)

વુલન સ્વેટર,
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક-પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત (201)

PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250 (3569)

LCD તથા ટીવી નવી
તથા જુની લે- વેચ તથા અરજન્ટ રીપેરીંગ કરવા માટે મળો- 9016408862 શોએબભાઈ રીંગરોડ ભાઠેના (12503)

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. દરેક ઈલેક્ટ્રોનિક્સ વસ્તુ ટેલીફોન, રીમોટ, મોબાઈલ, કારવાં, રેડિયો, ટેપ, DVD, હોમથીયેટર, એમ્પ્લીફાયર, પ્રોજેકટર, બાઈક ચાર્જર, ટ્રીમર, કાનના મશીન તાત્કાલિક રીપેરીંગ/વેચાણ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184 (12649)

N.A. (મલ્ટીપર્પસ) જગ્યા 24,101 ચો.મી. લાંબા સમય માટે ભાડે આપવાની છે ઝઘડીયા G.I.D.C.થી એક કિ.મી. રોડ ટચ : સંપર્ક : **98251 17876**

કબૂતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196 (10612)

જુના સામાન લેવામા
આવશે. જુના AC ચાલુ કે બંધ હાલતમાં, જુના 2- વ્હીલર વાહનો, જુની ઘરઘંટી તેમજ તમામ પ્રકારનો જુનો સામાન તમારો જુનો સામાન વેચવા માટે આજે સંપર્ક કરો. Mo. 9316100413 (12683)

નોકરી વિષયક

ડ્રાઈવર જોઈએ છે
12 કલાક, 8 કલાક માટે અલથાણ, વેસુ, પીપલોદ એરીયામાં Mo. 8511311422

જોઈએ છે
ઓફિસના કામ માટે માણસ (ડ્રાઈવર જોઈએ છે.) Mo: 92656-09650 (407)

આઈસ્ક્રીમ પાર્લર માટે
ફુલ ટાઈમ કારીગર, ટી, કોફી, મિલ્કશેક્સ, વેઈટર, હેલ્પરની જરૂર છે. સુરત, ગુજરાતમાં 9825507552 પર કોલ કરો. (12605)

જોઈએ છે.
મહેનતું/ પરચુરણ કામ. પગાર 12000/ 15000/-. વિનોદ રેડિયો. 9374711161 (12650)

જોઈએ છે
ટર્નર, ફીટર, ડ્રીલમેન, હેલ્પર, સચીન એરીયા માટે Mo. 9925144406 (12684)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

આશાપુરી 23/11.
પૂનમ, ડાકોર, અંબાજી, સુન્ધામાતા, આબુ, શ્રીનાથજી 30/11. જગન્નાથપુરી, ગંગાસાગર, કામાખ્યાદેવી, બૈજનાથ 24/12. અષ્ટવિનાયક, પાંચ જ્યોર્તિલિંગ. 24/12. 9426741783 (12681)

મહાદેવ ટુર
એન્ડ ટ્રાવેલ્સ. (અષ્ટવિનાયક, દગડુશેઠ), (ભીમાશંકર, ઘૃષ્ણેશ્વર, ઈલોરા), (સ્ટેચ્યુ ઓફ યુનિટી) (જગન્નાથપુરી, કાશી, બૈધનાથ) (મલ્લિકાર્જુન, રામેશ્વરમ, તિરૂપતિ) (હરિદ્વાર, વૃંદાવન, ખાટુશ્યામ) (ઉજ્જૈન, ઓમકારેશ્વર, બગલામુખી) (દ્વારકા, સોમનાથ, વિરપુર, સાળંગપુર) (શિરડી, શનિદેવ, સપ્તશૃંગી, સાપુતારા) (શામળાજી, અંબાજી, ઉંઝા, મોઢેરા, ચોટીલા) (મહાબળેશ્વર, લોનાવલા) (સફેદરણ) (Daily Service Booking) (ગાડી ભાડે મળશે) (સ્કૂલ પીકનીક) 9998653276 (408)

ગોવા, , મહાબળેશ્વર
6 દિવસ તા. 11, 17 નવેમ્બર, સારંગપુર વીરપુર, સોમનાથ, દીવ, દ્વારકા 3 દિવસ. સફેદરણ, કાળો ડુંગર, ભુજ, માંડવી, અંજાર, માતાનો મઢ દિવસ-3 તા. 11, 15, 21 નવેમ્બર, 11 ડિસેમ્બર- અડાજણ. જયેશભટ્ટ: 9909888622 (12682)

ઓમશિવ ટ્રાવેલ્સ
બેસતુવર્ષ 10, 12, 17 (કચ્છ, સફેદરણ, આશાપુરામાતા, માંડવી, મોગલધામ) (ઉદેપુર, જયપુર, ખાટુશ્યામ, ચિત્તૌડગઢ, માઉન્ટઆબુ) (મહાબળેશ્વર, પંચગીની, લોનાવાલા) (જોધપુર, જેસલમેર, જુનારણુંજા) (નાસિક, શીર્ડી, સપ્તશ્રુંગી, શનિદેવ) (સારંગપુર, વિરપુર, ચોટીલા, મોઢેરા, અંબાજી) ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997 (12680)

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો M. 9879663828 ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.